મહત્તમ : ૩૪.૬ ડીગ્રી
લઘુતમ : ૧૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૪૪ ટકા
ગાંધીનગર તાપમાન

# આજથી શહેરમાં વેપાર-ધંધાના શ્રીગણેશ

## નવા વર્ષે પાંચમ તિથિનો ક્ષય હોવાથી વેપારીઓ માટે સાતમ તિથિએ પેઢી ખોલવાનું મુહુર્ત રહેશે

ગાંધીનગર, તા.૩૦

તા.૨૯ ઓકટોબરે વિક્રમ સવંત ૨૦૭૯ની લાભપાંચમ આ દિવસને પાંડવ પંચમી સૌભાગ્ય જ્ઞાનપાંચમી તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દિવસે ક્ષય તિથિ હોવાથી રોજગાર, ધંધાનું મુહુર્ત કરી શકાય તેમ ના હોવાથી પેઢી ખોલવાનું શુભ મુહુર્ત આજે એટલે કે કારતક સુદ સાતમના દિવસે કરવામાં આવશે. તેથી આજથી વેપાર ધંધા ધમધમશે. દિપાવલી પર્વને લઈને ગાંધીનગર સહિત તમામ બજારો સુમસામ બન્યા છે તો પ્રવાસન ધામો અને ફરવાલાયક સ્થળોએ ઘસારો વધ્યો છે. દિવાળીથી શહેરના બજારોમાં ચકલુય પણ ફરકતું જોવા નથી મળી રહયું ત્યારે હવે સોમવારથી વેપાર ધંધાનો શુભારંભ થશે. વર્ષમાં પાંચ દિવસ વેપાર ધંધા દિવાળી બાદ બંધ રહે છે જેને લઈને બજારોમાં હાલમાં સુમસામ બની ગયા છે. આજે સાતમના દિવસે તમામ વેપારીઓ શુભ મુહુર્તમાં પૂજન અર્ચન બાદ પોતાના વેપાર ધંધા શરૂ કરશે. દિવાળીના પર્વની ઉજવણી ખુબ ધામધૂમથી થયા બાદ અને બેસતાં વર્ષે લોકોની એકબીજાસાથે થયેલી શુભેચ્છા મુલાકાત પછી હવે સોમવારથી પુનઃ શહેરના બજારો ખુલશે. વિક્રમ સંવત ૨૦૭૯નું વર્ષ સારૂ રહે તેવી મનોકામના સાથે વેપારીઓ પોતાના ધંધા શરૂ કરશે. દિવાળીમાં સારી ખરીદી થતાં વેપારીઓને નવું વર્ષ સોળ આની ફળીભુત થાય તેવી આશાનો સંચાર થયો છે. બીજી તરફ કેટલાક નવા સાહતો જેમાં નાની દુકાનથી લઈને મોટા વેપારી સંકુલો તેમજ અમુક ઉદ્યોગોનો લાભપાંચમે શુકનવંતી મુહુર્ત પ્રારંભ થયો છે. સાતમના દિવસે નવા સાધનોની ખરીદીમાં જમાવટ જોવા મળશે. લોકોએ અગાઉથી જ વાહનોના બુકીંગ કરાવી દીધા છે જેની ખરીદી શુભ મુહુર્તમાં કરવામાં આવશે. તેથી આજે સાતમના દિવસે નવા સાધનો સહિતની ચીજવસ્તુઓની ખરીદીમાં તેજી જોવા મળશે.

### પાંચમ તિથિનો ક્ષય

દિવાળી પછી નવું વર્ષ શરૂ થઈ જાય છે પરંતુ વેપાર ધંધાના મુહુર્ત કરવા અને સોદા માટે લાભ પાંચમનો દિવસ સર્વોત્તમ ગણાય છે. આ વખતે કારતક સુદ પાંચમ તિથિનો ક્ષય થયો છે જેથી વેપારીઓ માટે સાતમ તિથિએ પેઢી ખોલવાનું શ્રેષ્ઠ મુહુર્ત રહેશે.

### સાતમના શુભ મુહુર્ત

સવારે ૬.૪૨ થી ૮.૦૭ (અમૃત)
સવારે ૯.૩૨ થી ૧૦.૫૭ (શુભ)



## આત્મન ફાઉન્ડેશન દ્વારા બાળકોને નવાં કપડાં-મીઠાઈ-ફરસાણ-ફટાકડાં વિતરણ






ગાંધીનગર, તા.૩૦

છેલ્લાં ૨૫ વર્ષ ઉપરાંતની પ્રણાલી મુજબ સેવાભાવી સંસ્થા આત્મન ફાઉન્ડેશન દ્વારા દિવાળી અને નૂતન વર્ષના તહેવાર નિમિત્તે લગભગ ૨૫૦ ઉપરાંત બાળકોને નવાં કપડાં, મીઠાઈ- ફરસાણ, ફટાકડા વગેરેનું વિતરણ કરવામાં આવ્યું. સેકટર - ૧૩ની શ્રમ વસ્તીના બાળકો અને રેવા ગ્રામમાં પ્રતાપનગરનાં મળી લગભગ ૨૫૦થી વધુ બાળકોને તહેવારની ખુશી વહેચવામાં આવી હતી. સે. ૧૩ ની સરકારી પ્રાથમિક શાળાના પ્રાંગણમાં બાળકો સાથે સરસ ગોષ્ઠિ કરવામાં આવી હતી. અનન્યા થોરાતે સરસ વાર્તા કહી હતી. આ નિમિત્તે સહયોગીઓ પ્રજ્ઞા પટેલ, સી. એલ.મહેતા, અશોકભાઈ ત્રિવેદી, કિશોરભાઈ પટેલ, રણછોડભાઈ પરમાર, સંજય થોરાત, ક્રિષ્નકુમાર રાણા, મહેન્દ્રભાઈ ચૌહાણ, અમૃતભાઈ કનાડા, ગજેન્દ્રસિંહ વાઘેલા, પ્રવિણભાઈ રામી, બી.કે.પરમાર, સવિતાબેન, કપિલાબેન માછી, રાજુ રાવળ, રાકેશભાઈ, નરેશભાઈ વગેરે વિતરણમાં જોડાયા હતા. અમદાવાદના ઉષાબેન અને ભગીરથભાઈ પટેલ દ્વારા મીઠાઈ અર્પણ કરવામાં આવી હતી.

માણસા તાલુકાના મકાખાડ પાસેના રેવા ગ્રામમાં પ્રતાપનગર ગામનાં ૧૨૫ જેટલાં બાળકોને નવાં કપડાં, મીઠાઈ - ફરસાણ, ફટાકડા વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રજ્ઞા પટેલ, ક્રિષ્નકુમાર રાણા, જયંતીભાઈ ચૌધરી વગેરે સહભાગી થયા હતા. બાળકોએ ખૂબ આનંદ વ્યક્ત કર્યો હતો.

## સે. ૭-એ વસાહત મંડળ દ્વારા રંગોળી સ્પર્ધા યોજાઈ





ગાંધીનગર, તા. ૩૦

સેક્ટર-૭-એ વસાહત મંડળ દ્વારા રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધનતેરસના દિવસે યોજવામાં આવેલી રંગોળી સ્પર્ધામાં ૧૮ મહિલાઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ વિજેતા ડૉ. દેવી ગજ્જર, દ્વિતીય વંદના રાવત અને તૃતીય ચિત્રાબા બિહોલા રહ્યા હતા. વિવિધ રંગોથી નયનરમ્ય રંગોળી દોરવામાં આવી હતી. ભાગ લેનાર દરેકને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે. નિર્ણાયક તરીકે વત્સલ વોરા, મિત્તલબેન રાણા, કાનનબેન પટેલે કામગીરી કરી હતી. સમગ્ર સ્પર્ધાને સફળ બનાવવા હોદ્દેદારો સર્વ જશવંત ગાંધી, આરતીબેન ભટ્ટ, ભદ્રેશભાઈ શાહ, અમીબેન શાહ, દક્ષાબેન વર્ષાતે જહેમત ઉઠાવી હતી.



દિપાવલીના પર્વોમાં કાળી ચૌદશના રોજ શહેરમાં ચાર રસ્તાઓ પર જૂના માટલાઓ ફોડીને જે પર્વની ઉજવણી થઈ છે તે કચરો હજી સુધી ત્યાં ને ત્યાં જ હોવાથી અડચણરૂપ બનવા પામ્યો છે. જેમાં રાત્રે વાહનચાલકોમાં હાલાકી પડી રહી છે. જૂના માટલાઓ ઘરમાંથી તો કાઢ્યા પણ ચાર રસ્તાઓ પરથી ક્યારે હટાવાશે..!

## શ્રી બેતાલીસ વિશ્વકર્મા મેવાડા સમાજની કારોબારી બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૩૦

શ્રી બેતાલીસ વિશ્વકર્મા મેવાડા સમાજ,ગાંધીનગરની કારોબારી મિટિંગ તા.૩૦/૧૦/૨૦૨૨ ને રવિવારના સવારે ૯ ૦૦ કલાકે સેકટર-૨૪ના ઉદ્યાનમાં યોજાઈ હતી. તેમાં સર્વે સભ્યો હાજર રહ્યા હતા તેમજ સમાજના મંત્રીશ્રી પંકજભાઈ બી. મેવાડાએ સભ્યોનો આભાર માન્યો હતો.

## જન્મદિને વધામણી



દીશા મુકેશકુમાર કોઠારી

## સરદાર જયંતિ નિમિતે આજે સાયન્સ સિટી મુલાકાતીઓ માટે ખુલ્લું રહેશે

સોમવારે તા.૩૧મી ઓક્ટોબરે ભારતના લોખંડી પુરુષ સરદાર પટેલની જન્મજયંતિ "રાષ્ટ્રીય એકતા દિવસ" દેશભરમાં ઉજવાશે. આ નિમત્તે ગુજરાત સાયન્સ સિટી જયાં સામાન્ય સંજોગોમાં રજા રહેતી હોય છે તે રજા રદ કરવામાં આવી છે જેથી આ સોમવારે ગુજરાત સાયન્સ સિટી ચાલુ રહેશે. ગુજરાત સાયન્સ સિટી શિક્ષણ અને મનોરંજનનું સંપૂર્ણ મિશ્રણ છે. સમકાલીન અને કાલ્પનિક પ્રદર્શનો, અનુભવો, વર્કિંગ મોડલ, વર્ચ્યુઅલ રિયાલિટી, એક્ટિવિટી કોર્નર્સ, લેબ્સ અને લાઈવ ડેમોસ્ટ્રેશન સૌ કોઈને આકર્ષે છે.


અત્રે ઉલ્લેખનીય છે કે સ્થાપના થઈ ત્યારથી ગુજરાત સાયન્સ સિટી તમામ વયના મુલાકાતીઓ માટે પસંદગીનું સ્થળ બની ગઈ છે. ખાસ કરીને રજાઓની સિઝનમાં સાયન્સ સિટી ખાતે મુલાકાતીઓનો ધસારો રહ્યો છે. ગયા વર્ષે દિવાળીના તહેવારોની રજાઓમાં રેકોર્ડ નંબરમાં મુલાકાતીઓ સાયન્સ સિટીની મુલાકાતે આવ્યા હતા. વિજ્ઞાનના પ્રકાશ સાથે લોકોને જોડવા કટિબદ્ધ ગુજરાત સાયન્સ સિટી મુલાકાતીઓના આ ઉત્સાહને આવકારે છે.

## ચિરવિદાય

● રૂદ્રભૂમિ ●

- સ્વ.શાહ સ્નેહલતા મનહરલાલ ઉ.વ.૮૦, કોબા
- સ્વ.પટેલ મફતલાલ દ્વારકાદાસ ઉ.વ.૭૦, સેકટર-૫

## દિવાળી પર્વે રંગોળીના 'પારસમણિ' ટચથી ઘર આંગણે કલા અને સંસ્કૃતિનો અજવાસ







ગાંધીનગર, તા. ૩૦

પારસમણિ ફાઉન્ડેશન દ્વારા પારસમણિ રંગબેરંગી રંગોળી સ્પર્ધા - ૨૦૨૨નું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય પરંપરા અને સંસ્કૃતિના પ્રતીક સમાન રંગોળી એ ઘર આંગણાની શોભા છે. પારસમણિ રંગોળી સ્પર્ધા છેલ્લા પાંચ વર્ષથી આયોજિત કરવામાં આવે છે. આ રંગોળી સ્પર્ધામાં આ વખતે ગાંધીનગર અને ગુજરાતના વિવિધ શહેર અને છેક અમેરિકા કેનેડાથી સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ રંગોળી સ્પર્ધામાં ૬૨ જણાએ ભાગ લીધો હતો.

એક એકથી ચઢિયાતી રંગોળીએ નિર્ણાયકોનું મન મોહી લીધું હતું. પારસમણિ ફાઉન્ડેશનના અધ્યક્ષ સંજય થોરાતે આ રંગોળી સ્પર્ધાનું નિયમિત આયોજન કરે છે અને એનું મુખ્ય કારણ એ કે દિવાળીના તહેવારોમાં ઘર આંગણે રંગોળી પુરાય અને સ્પર્ધા હોવાથી સ્વાભાવિક રીતે દરેક સુંદર રંગોળી પૂરવાનો પ્રયત્ન કરે. આ સ્પર્ધામાં વૈવિધ્યસભર રંગોળીઓ જોવા મળી હતી. મજાની વાત એ હતી કે યુવાનોએ આ રંગોળી સ્પર્ધામાં એક એકથી ચઢિયાતી રંગોળી બનાવી હતી. પારસમણિ રંગોળી સ્પર્ધામાં ચાર વર્ષની છોકરીથી લઈને ૬૫ વર્ષ સુધીની મહિલાઓએ ભાગ લીધો હતો. નિઃશુલ્ક યોજાયેલી આ રંગોળી સ્પર્ધામાં ભાગ લેનાર સૌને ડિસ્કાઉન્ટ વાઉચર અને પ્રમાણપત્ર જયારે ચાર ગ્રુપના ૧૨ વિજેતાને ટ્રોફી અને પ્રમાણપત્ર જાહેર કાર્યક્રમ દ્વારા આપવામાં આવશે. આ સ્પર્ધામાં કો-ઓર્ડીનેટર તરીકે પારસમણિ ફાઉન્ડેશનના વાઈસ પ્રેસિડેન્ટ રિદ્ધિ થોરાતે સેવા આપી હતી જયારે ડૉ. પૌલમી પરમાર અને રૂપિન શાહે આ સ્પર્ધા સફળ બનાવવા મહેનત કરી હતી. દિવાળી પર્વે રંગોળીના 'પારસમણિ' ટચથી ઘર આંગણે કલા અને સંસ્કૃતિનો અજવાસ ફેલાયો હતો.

## બીબીએ કૉલેજ એનએસએસ યુનીટનો વિદ્યાર્થી સંસદભવન ખાતે સરદાર જયંતિ કાર્યક્રમ માટે પસંદગી પામ્યો

### ગુજરાતનો એકમાત્ર પ્રતિનિધિ જેને વક્તવ્ય આપવાની સુવર્ણ તક

ગાંધીનગર, તા. ૩૦

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત બીપી.કોલેજ ઓફ બિજનેસ એડમીનીસ્ટ્રેશન (બી.બી.એ.) કોલેજનો વિદ્યાર્થી જિલ્લા સ્તરે પ્રથમ આવી ૩૧ ઓક્ટોમ્બરના દિવસે નવી દિલ્હી ખાતે આયોજિત સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીની ઉજવણી કાર્યક્રમમાં ભાગ લેનાર એકમાત્ર વિદ્યાર્થી જે ગુજરાતનું પ્રતિનિધિત્વ વકતવ્ય આપી કરશે. યુનિવર્સિટીના પ્રેસિડેંટ માનનીય વલ્લભભાઈ એમ પટેલ દ્વારા પસંદગી પામેલ વિદ્યાર્થીને દિલ્હી ખાતે ઉત્કૃષ્ઠ પ્રદર્શન માટે શુભેચ્છા પાઠવી છે.ગુજરાતનો એકમાત્ર પ્રતિનિધિ જે નવી દિલ્હી સંસદ ભવન ખાતે આવતી કાલે હવાઈ માર્ગે વાયા મુંબઈ નવી દિલ્હી પહોંચી માનનીય લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાજી,દેશના ગૃહમંત્રી અમિત શાહજી અને કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન ની પ્રેરક ઉપસ્થિતિ માં ગુજરાત રાજ્ય વતી વકતવ્ય આપી રાજય નું પ્રતિનિધિત્વ કરશે.રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવાતા આજના દિવસે તેઓને "સરદાર સાહેબની રાષ્ટ્રનિર્માણ માં ભૂમિકા" વિષય પર પોતાનું



વક્તવ્ય આપશે.અત્રે ઉલેખનીય છે કે કોલેજ દર વર્ષે યુવાસંસદનું આયોજન કરે છે જેમાં બે વખત અમદાવાદ સાયન્સ સિટી ખાતે પણ ઉપરોક્ત આયોજન કરવા નો અવસર પ્રાપ્ત થયો હતો જેમાં આદિત્ય જાડેજા ૨૦૨૨ માર્ચમાં આયોજિત પાર્લામેન્ટમાં પ્રધાનમંત્રીની ભૂમિકા ભજવી ચૂક્યો છે.NSS દ્વારા આયોજિત રાષ્ટ્રીય યુવાસંસદમાં ત્રણ રાઉન્ડમાં દરેક જિલ્લા માંથી બે વિદ્યાર્થીઓને રાજયકક્ષાએ મોકલવાના હતા જે અન્વયે ગાંધીનગર જિલ્લામાં પસંદગી પામેલ બન્ને વિદ્યાર્થીઓ પ્રથમ ક્રમે આદિત્ય જાડેજા, તેમજ દ્વિતીય ક્રમે પાર્થ ચોડવડીયા રહ્યા હતા જેઓએ ઉપરોક્ત સ્થાન પ્રાપ્ત કરી કોલેજ તેમજ યુનિવર્સિટી અને તેઓના પરિવારને ગૌરવ આપાવ્યું છે.

કોલેજ ના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ એ શુભેચ્છા સહ અભિનદન પાઠવ્યા છે.તેમજ કોલેજના ઉપાચાર્ય ડો.જયેશ તન્ના દ્વારા પણ આગામી રાઉન્ડની તૈયારી માટે શુભેચ્છા પાઠવી હતી યુનિવર્સિટી NSS વિભાગના કો-ઓર્ડિનેટર ડો.રણછોડ રથવી, પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા વિદ્યાર્થીને આગામી રાઉન્ડ માટે શુભેચ્છા તેમજ માર્ગદર્શન આપ્યું હતું.તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા શુબેચ્છાઓ સહ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.